મહે.સુરતના ૨૧માં એડિશનલ સિની. સીવીલ જજ અને ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

ક્રિમીનલ કેસ નંબર - ૧૭૭૬૩/૨૦૨૩

આંક -

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી - જીગ્નેશ કરમશીભાઇ ધાનાણી તથા અન્ય એક આરોપી

ગુનો - જુગારધારા કલમ ૧૨ (અ) મુજબ

-- **ચુકાદો** --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ભેગા મળી પોતાના મોબાઇલમાં વ્હોટસેપ પર GALAXY EXCHANGE 99 લીંક મંગાવી વેબસાઇટ ઉપર ઓનલાઇન અલગ અલગ ગ્રાહકો પાસેથી પૈસા વતી લગાવી લઇ પૈસા વડે હારજીતનો જુગાર રમતા રમાડતા જાહેરમા મળી આવી પકડાઇ જઇ ગુનો કરી ગુનો કરી જુગારધારાની કલમ ૧૨ (અ) અન્વયેનો ગુનો કરેલ હોવાથી ફરીયાદ ચોકબજાર પોલીસ સ્ટેશને ગુના રજીસ્ટર નંબર બી ૧૧૨૧૦૦૧૨૨૧૧૭૧૫/૨૦૨૧ થી નોંધાયેલ.

૨. ઉપરોક્ત મતલબની ફરીયાદ મળતા તપાસ કરનાર અધીકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લઇ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ જુગારધારાની કલમ ૧૨ (અ) મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. આ કામે આજ રોજ આરોપીઓ (૧) જીગ્નેશ કરમશીભાઇ ધાનાણી (૨) શ્રેયભાઇ ઉર્ફે બાદશાહ ઉર્ફે બોબડો રાકેશભાઇ પટેલ નાઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલોની ખાત્રી કર્યા બાદ આરોપીઓને જવાબ લેતા, આરોપીઓએ પોતાની સામેનો ગુનો કબુલ કરે છે. વધુમાં આરોપીએ આજ રોજ કબુલાત પુરશીશ આપેલ છે તેમજ નો ક્લેઇમ પુરશીશ રજુ કરેલ છે.

૩. આરોપીઓએ રાજીખુશીથી અને કોઇપણ પ્રકારના દાબદબાણ વિના ગુના કબુલાત આપી જણાવે છે કે આ પ્રકારનો ગુનો ભવિષ્યમાં નહી કરીએ તથા ગરીબ અને મજુર વર્ગના માણસ છે, અને તેઓની આર્થિક સ્થિતી ખુબ જ નબળી છે, તેઓ બાળબચ્ચા વાળા હોઇ અને પરીવારની જવાબદારી તેમના શીરે હોઇ તથા આજ પછી આવો ગુનો નહી કરીએ તેમ જણાવે છે.

૪. આરોપીઓએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપીની ગુના કબુલાત સાચી અને દબાણ વગર હોવાનું આરોપીને પુછતા આરોપીઓએ હકારમાં જવાબ આપેલ છે.

૫. R.B.Soni V/S State of Gujarat 2013 (2) GLR page No.974 ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે Natvar Harchandji Thakor V/S State of Gujarat 2005 (1) GLR page No.709 ના ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવેલ છે કે, સને ૨૦૦૫ ના સુધારાથી આ

કલમ અન્વયે ગુનામાં કરવામાં આવેલ ન્યુનતમ સજાની જોગવાઇ દુર કરવામાં આવી છે. આથી અદાલતે આરોપીઓના વિશીષ્ટ સંજોગો ધ્યાનમાં લઇ અદાલત આરોપીની સજા અંગે ડિસ્કશન ધરાવે છે.

૬. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**-- આખરી હુકમ --**

આ કામના આરોપીઓ (૧) જીગ્નેશ કરમશીભાઇ ધાનાણી (૨) શ્રેયભાઇ ઉર્ફે બાદશાહ ઉર્ફે બોબડો રાકેશભાઇ પટેલ નાઓને જુગારધારાની કલમ ૧૨(અ) ના ગુનામા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે દોષિત ઠરાવી દરેક આરોપીને રુપીયા ૧૦૦/- (અંકે રુપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે, તેમજ દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામા આવે છે.

જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૭ (સાત) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

સદર કામે મુદામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરેલ હોય તો આ હુકમથી કાયમી કરવામાં આવે છે, અને જો વચગાળાનો હુકમ ના થયો હોય તો રોકડ રકમ સિવાયનો મુદામાલ મુળ માલીકની ખરાઇ કરી પરત આપવો.

આરોપીઓ પાસેથી ચાર્જશીટમાં કોલમ નંબર ૧૦ માં જણાવ્યા મુજબ જપ્ત કરેલ અંગજડતીના નાણાં તેમજ દાવ પરના નાણાં સરકાર હસ્તક ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે, તેમજ બાકીના મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમની જાણ સંબધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ તા. ૧૩ માહે મે, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં
વાંચી જાહેર કર્યો.

સુરત
તા. ૧૩/૦૫/૨૦૨૩

( મનીષા વાય. સ્વામી )
૨૧માં એડિશનલ સિની. સીવીલ જજ અને
ચીફ જ્યુડી.મેજી.સુરત
U.I.C.No.GJ01232